ઘઉંટુકડા-૪૧૧-૬૫૨
ઘઉંલોકવન-૪૧૫-૫૫૧
એરંડા-૧૦૫૦-૧૧૨૧
ચણા-૮૯૬-૧૧૩૧
કપાસ-૧૦૩૨-૧૫૩૦
રાયડો-૭૪૦-૮૮૫
જીરૂ-૩૬૭૦-૫૦૦૦
ધાણા-૧૧૩૦-૧૮૭૦
સોયાબીન-૮૨૦-૮૮૧
તુવેર-૧૦૨૫-૨૦૨૫
મરચાલાંબા-૭૩૦-૫૭૫૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૬૦-૫૦૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફલાવર-૨૫૦-૩૦૦
કોબીઝ-૧૬૦-૨૧૦
ટમેટાં-૧૮૦-૨૫૦
વટાણા-૧૧૦૦-૧૩૦૦
ગાજર-૧૬૦-૨૧૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૩૦૦-૪૦૦
ગુવાર-૬૦૦-૧૨૦૦
ચોળાલીલા-૭૨૦-૮૨૦
તુરીયા-૮૧૦-૯૧૦
ભીડો-૭૨૦-૮૨૦
આદુ-૨૨૦૦-૨૪૦૦
કોથમીર-૨૧૦-૩૧૦
મેથીભાજી-૫૦૦-૬૦૦
ટીંડોરા-૬૦૦-૭૧૦
લીમડોમીઠો-૨૭૦-૨૧૦
મરચાલીલા-૩૨૦-૪૨૦
લસણલીલું-૧૨૦૦-૧૪૦૦
લીંબુ-૧૬૪૦-૨૦૪૦
પાલક-૩૨૦-૪૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૫૪૨
જુવાર-૪૨૫-૯૦૨
ઘઉં-૪૦૦-૬૧૮
ચણા-૬૦૦-૧૧૪૨
શીંગ-૮૫૦-૮૫૦
તુવેર-૧૭૦૧-૧૮૦૦
કપાસ-૧૧૦૧-૧૫૬૪
જીરૂ-૪૧૦૧-૫૩૬૦
મેથી-૧૦૦૧-૧૩૦૧
રાય-૧૧૧૫-૧૨૨૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૦૪-૬૩૮
ડુંગળીલાલ-૧૦૦-૩૫૪
ડુંગળીસફ્દે-૨૩૭-૨૯૧
ધાણા-૭૩૦-૧૯૪૫
એરંડા-૪૩૦-૧૧૧૨
તુવેર-૧૭૩૫-૧૮૦૦
ચણા-૧૦૩૨-૧૧૧૭
નાળીયેર-૨૦૦-૧૭૪૪
તલસફેદ-૨૦૧૦-૨૬૮૫
કપાસ-૧૦૫૮-૧૪૬૯
સોયાબીન-૮૬૧-૮૭૨

**બાબરા**
કપાસ-૧૨૪૫-૧૫૫૬
ધાણા-૧૩૮૦-૧૭૦૦
ચણા-૧૦૫૪-૧૧૨૬
ઘઉં-૪૭૦-૫૬૦
તુવેર-૧૫૩૦-૧૭૪૦
જીરૂ-૪૦૧૫-૪૬૨૫
મેથી-૧૦૪૬-૧૦૯૪

**ધારી**
કપાસ-૧૧૫૦-૧૪૦૧
મેથી-૯૪૫-૧૦૦૧
ધાણા-૧૧૦૫-૧૪૬૦
સોયાબીન-૬૯૦-૮૬૧
ચણા-૧૦૮૪-૧૦૯૧
જુવાર-૫૯૦-૫૯૦
તુવેર-૧૬૦૦-૧૯૦૦
ઘઉં-૩૮૧-૫૫૫
મેથી-૯૪૫-૧૦૦૧
જીરૂ-૪૪૦૦-૪૪૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૮૫૩-૧૩૦૦
તલસફેદ--૨૬૦૦
જીરૂ-૪૧૦૦-૪૭૦૧
તુવેર-૧૬૦૦-૧૯૭૧
કપાસ-૧૩૫૧-૧૫૪૧
ઘઉં-૪૩૫-૫૪૯
જુવાર-૫૫૦-૮૫૦
ધાણા-૧૪૦૦-૧૬૫૧
ચણા-૧૩૫૧-૧૭૦૦
એરડી-૧૦૨૧-૧૧૪૦
મેથી-૮૨૮-૧૦૬૦

**ખાંભા**
કપાસ-૧૧૫૦-૧૫૧૫
જુવારપીળી-૪૨૫-૪૨૯
મેથી-૯૬૫-૯૬૫
એરંડા-૧૧૧૧-૧૧૧૧
બાજરો-૪૯૦-૪૯૦
ઘઉં-૩૫૦-૪૦૦
જીરૂ-૪૩૦૦-૪૩૦૦
ચણા-૧૦૬૫-૧૧૦૫

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૬૨
મગફળી-૧૦૦૦-૧૦૦૦
મેથી-૮૯૫-૯૦૦
ઘઉંલોકવન-૪૦૦-૪૮૬
ઘઉંટુકડા-૩૫૫-૪૮૫
તુવેર-૧૨૦૦-૧૭૫૦
સોયાબીન-૮૫૨--૮૫૨
ધાણા-૧૨૦૦-૧૪૧૫
એરંડી-૮૫૦-૮૫૦
તલસફેદ-૨૩૫૦-૨૩૫૦
રાયડો-૮૯૬-૮૯૬

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૨૦૦-૩૫૦
દાડમ-૫૦૦-૧૫૦૦
મુસંબી-૮૦૦-૧૦૦૦
સંતરા-૧૦૦૦-૨૦૦૦
કીવી-૨૫૦૦-૪૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૩૦૦
કેસરકેરી-૩૦૦૦-૪૦૦૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૫૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૩૦૦
અનાનસ-૧૪૦૦-૧૬૦૦
અંગુર-૮૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૦૯૫-૧૫૧૬

**અમરેલી**
**આજનુ તાપમાન**
મહ તમ તાપમાન ૩૯.૨
ન્યુનતમ તાપમાન ૨૪.૮
ભેજનું પ્રમાણ ૩૮
પવનની ગતિ સરેરાશ-.૮.૮




અવધ ટાઈમ્સ

# ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૫ તા.૦૭-૦૪-૨૦૨૪ રવિવાર




### ભાજપનાં ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાનાં સમર્થનમાં અમરેલીનાં રાજકોટ વસતા લોકો દ્વારા

# રાજકોટમાં શ્રી રૂપાલાનાં સમર્થનમાં સ્નેહ સંવાદ યોજાયો

**રાજકોટ ભાજપ દ્વારા ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાનાં જન સમર્થન માટે યોજાયેલ સ્નેહ સંવાદ કાર્યક્રમમાં અમરેલી જિલ્લામાંથી અને રાજકોટમાંથી અમરેલીવાસીઓ ઉમટી પડયા**

**શ્રી અંબરીષ ડેર, શ્રી બારૈયા, શ્રી કોઠીવાળ, શ્રી બોરીસાગર, શ્રી જગદીશભાઇ વ્યાસ, શ્રી રાજુભાઇ માઢક, શ્રી ચિરાગ પરમાર, શ્રી શરદ પંડ્યા, શ્રી નિતેશ ડોડીયાનું આયોજન**

અમરેલી,

રાજકોટ લોકસભા મત વિસ્તારનાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમ રૂપાલાનાંસમર્થનમાંઅમરેલી જિલ્લાનાં ગામે ગામથી કાર્યકરોની ઉપસ્થિતિમાં સ્નેહ સંવાદ કાર્યક્રમ યોજાયોહતો. રાજકોટ સંસદીય બેઠકનાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડ સાથે લોકસભામાં મોકલવા જન સમર્થન માટે આજે તા.૫-૪-૨૪ સાંજના ૮ કલાકે સ્નેહ સંવાદ કાર્યક્રમ શ્રી ક્રિષ્ના ગૌશાળા પીલાળા ચોક, કોકોનટ પાર્ટી પ્લોટની આગળ, ભારતપેટ્રોલપંપનીસામે, મોવડીરાજકોટ ખાતે યોજાયો હતો આ સ્નેહ સંવાદમાં સંસદીય મત વિસ્તારના ભાજપ આગેવાનો કાર્યકરો સહિત આમ જનતા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતુ. સ્નેહ સંવાદ કાર્યક્રમ માટે શ્રી અંબરીષ ડેર રાજુલા, શ્રી પ્રતાપભાઈ કોઠીવાળ બાબરા, શ્રી ટીકુદાદા બોરીસાગર ખાંભા, શ્રી જગદીશભાઈ વ્યાસ અમરેલી, શ્રી પ્રવિણભાઈ બારૈયા જાફરાબાદ, શ્રીરાજુભાઈ માઢકરાજુલા, શ્રી ચિરાગ પરમાર બગસરા, શ્રી શરદભાઈ પંડયાસાવરકુંડલા, શ્રીનિતેશ ડોડીયા બગસરા દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

### રાજકોટ બેઠકનાં ભાજપનાં ઉમેદવાર

## શ્રી રૂપાલાની ઉપસ્થિતિમાં આજે વરાછામાં લોકસંપર્ક

**વરાછા વિસ્તારમાં બેઠકો સાથે શ્રી રૂપાલા લોકસંપર્ક કરશે**

અમરેલી,રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપનાં ઉમેદવાર અને ભાજપનાં વરિષ્ઠ નેતા શ્રી પરશોત્તમભાઈ રૂપાલા સુરતપધારીરહ્યાંહોય તેથી તા.૭-૪-૨૪ રવિવારે સાંજે ૬ વાગ્યે ગોપીન ગામ મોટા વરાછા સુરત ખાતે શ્રી રૂપાલાનું સ્વાગત કરાશે. આ બેઠક માટે આગેવાનો દ્વારા ભારે ઉત્સાહ જોવા મળે છે.

### ભાજપનાં સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત યુવા ભાજપનું ઉત્સાહભેર આયોજન

# રાજકોટમાં શ્રી રૂપાલાની ઉપસ્થિતીમાં ભાજપની વિરાટ બાઇક રેલી

**રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા વિધાનસભા વાઇઝ બાઇક રેલી : હજારો યુવાનો જોડાયા : ભારત માતા કી જય અને વંદે માતરમના નારા ગુંજ્યા**





રાજકોટ,

ભાજપનાં સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત યુવા ભાજપ દ્વારા ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતુ રાજકોટ શહેર યુવા ભાજપ દ્વારા ભાજપના ઉમેદવાર અને વરિષ્ઠ આગેવાન શ્રી પુરૂષોત્તમ રૂપાલાની ઉપસ્થિતીમાંભાજપનીવિરાટબાઈકરેલી યોજાઈ હતી.

રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા ધ્વારા વિધાનસભા વાઈઝ બાઈક રેલી યોજાઈ હતી જેમાં હજારો યુવાનો જોડાયા હતા અને ભારત માતા કી જય અને વંદે માતરમના નારા ગુંજ્યા હતા આ બાઈક રેલીમાં પુર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, મેયર નયનાબેન પીઢડીયા, મોહનભાઈ કુંડારીયા, ઉદયભાઈ કાનગડ, શ્રી મુકેશ દોશી, ડો. દર્શિતાબેન શાહ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, પુષ્કર સહીતના પ્રસ્થાન કરાવશે.વિધાનસભા-૭૦,૭૧માં કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિહ ઝાલા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પૂર્વ ડો. પ્રદીપ ડવ, સુરેન્દ્રસિહ વાળા, કશ્યપ શુકલ, વિનુભાઈ ઘવા સહીતના અગ્રણીઓ પ્રસ્થાન કરાવશે. તેમજ આ બાઈક રેલીમાં વિધાનસભા-૬૮માં શહેર ભાજપ યુવા મોરચાના મિલન લીબાંશીયા, વિધાનસભા-૬૯માં શહેર ભાજપયુવામોરચાપ્રમુખ કિશન ટીલવા સહિત જોડાયેલ. તેમ અરવીંદભાઈ જોષી મિડીયા વિભાગ રાજકોટ મધ્યસ્થ કાર્યાલય દ્વારા જણાવાયુ છે.

## બોરસદની કોર્ટમાં જજ ઉપર હુમલો કરી અજાણ્યા બે શખ્સો ફરાર થયાં

(જી.એન.એસ),આણંદ,આણંદ જિલ્લાનાં બોરસદની સિવિલ કોર્ટમાં આજે બપોરનાં સુમારે બે અજાણ્યા શખ્સોએ જજ પર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટની ચેમ્બર્સમાં પ્રવેશ કરી ચીફ જયુડીસીયલ મેજિસ્ટ્રેટ પર હુમલો કર્યો હતો.


મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૬૫-૨૦૨૪............મુ.તા.૦૯-૦૫-૨૦૨૪

અરજદાર : ટપુભાઈ અરજણભાઈ સાંખટ રહે.ડેડાણ, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી ડી.બી.જોષી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ડેડાણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પત્ની શાંતાબેન ટપુભાઈ સાંખટનું અવસાન તા.૨૫-૦૩-૧૯૯૨ નારોજ ગામ ડેડાણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પત્નીના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૯-૦૫-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૪-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા આસી. | ડી.જે.પઠાણ આસી. | | એ.એસ.દવે રજીસ્ટ્રાર ખાંભા |









## પ્રકૃતિ એજયુકેશનલ એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત



# શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર

ગુરૂકૃપાનગર-૨, શેરી નં. ૧,બ્લોક નં. ૧૦૦-એ, ચિતલ રોડ, અમરેલી

જરૂરિયાતમંદ વ્યકિતઓને બંને ટાઈમનું ભોજન ઘરે પહોચાડતી અમરેલીની સેવાકીય સંસ્થા

**કિસીકી મુસ્કુરાહટો પે હો નિશાર કિસીકા દર્દ મીલ સકે તો લે ઉઠા કિસીકે વાસ્તે તેરે દિલ મેં હો પ્યાર જીના ઉસીકા નામ**

વૃધ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જેમાં સંવેદનાનો સાથ જોઇએ વડીલોને બે ટકનો પેટનો ખાડો પુરાય એટલે તેમના ચહેરાની રેખાઓ બદલી જાય આવા વૃધ્ધ, અશક્ત, એકલા રહેતા હોય, હાથે કરી શકતા ન હોય તેવા વડીલોને બપોરે ૧૨૦ અને સાંજે ૧૦૦ જેટલા વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડાય છે.

### શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી તા.૦૧-૦૩-૨૦૨૪ થી તા.૩૧-૦૩-૨૦૨૪ સુધી ના દાતાશ્રીઓ ની યાદી

| રકમ | દાતાશ્રીનું નામ | રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|---|---|
| ૨૫૦૦ | સ્વ.બાવચંદભાઇ ટાંકની પુણ્યતિથી નિમિતે હ.ચુનીભાઇ બાવચંદભાઇ ટાંક | ૫૦૦ | મુક્તાબેન બચુભાઇ રૂપારેલીયા (માસિક હુંડી) |
| ૫૨૦ | ભાણીયાભાઇના ત્રીમાસિક જન્મદિન નિમિતે હ.સી.કે.ટાંક સાહેબ | ૧૦૦૦ | મુકુંદરાય ગુણવંતરાય મહેતા (માસિક હુંડી) |
| ૨૫૧ | હર્ષદરાય ભગવાનજીભાઇ ભટ્ટ | ૧૦૦૦ | વર્ષાબેન મુકુંદરાય મહેતા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | જયશ્રીબેન જેન્તીભાઇ મહેતા | ૧૦૦૦ | સંજયભાઇ મુકુંદરાય મહેતા (માસિક હુંડી) |
| ૧૦૦ | રામ ભરોસે | ૧૦૦૦ | ભાવનાબેન સંજયભાઇ મહેતા (માસિક હુંડી) |
| ૫૫૧ | રાઘવજીભાઇ આર. રૈયાણીના જન્મદિવસ નિમિતે | ૧૦૦૦ | સાગરભાઇ સંજયભાઇ મહેતા (માસિક હુંડી) |
| ૧૧૦૦ | સ્વ.હંસાબેન મહેન્દ્રભાઇ દવે હ.પ્રકાશભાઇ દવે | ૧૫૦૦ | ગો.વા.હર્ષદરાય જેઠાલાલ દેસાઇ (માસિક હુંડી) |
| ૫૦૦ | પ્રફુલાબેન નરેન્દ્રભાઇ ભટ્ટ હ.ધર્મેન્દ્રભાઇ તથા કેતનભાઇ | ૫૦૧ | બાયાબા ભગુભા ચૌહાણ (માસિક હુંડી) |
| ૫૦૦ | રામ ભરોસે | ૫૦૦ | ગો.વા. અશ્વિનભાઇ બી.પારેખ (માસિક હુંડી) |
| ૧૦૧૧ | પ્રવિણભાઇ પારેખ કે.પી.ટ્રેડર્સ (માસિક હુંડી) | ૫૦૦ | ગો.વા.જસવંતરાય જગન્નાથભાઇ જાની (માસિક હુંડી) |
| ૨૧૦૦ | ઓનલાઇન બેંક | ૧૦૦૦ | સ્વ.કનુભાઇ બી.ભટ્ટ (માસિક હુંડી) |
| ૫૧૦૦ | હેતલબેન વૈભવભાઇ શાહ | ૫૦૦ | શ્રી હીરાબા નલીનકાંત મહેતા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | મનસુખભાઇ જાદવભાઇ પરમાર | ૩૦૦ | શ્રી રાધાબેન રવજીભાઇ રાઠોડ (માસિક હુંડી) |
| ૮૫૦ | ગૌ.વા.તારાબેન મનસુખલાલ ગોરખીયા રાજકોટ અમરેલીવાળા હ.હિરેનભાઇ ગોરખીયા | ૫૦૦ | શ્રી જીજ્ઞેશભાઇ જે. મોદી (માસિક હુંડી) |
| ૫૦૦ | તરૂણભાઇ પંડયા | ૫૦૦ | શ્રી ભાર્ગવ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૨૧૦૦૦ | વિપુલભાઇ લાભુભાઇ બાલધા સોલાર પેટે | ૧૦૦૦ | ભીખુભાઇ એન.અગ્રાવત (માસિક હુંડી) |
| ૨૧૦૦ | જેન્તીલાલ અંકિતભાઇ પોબારૂ જન્મદિવસ નિમિતે હ.સુભાષભાઇ વી.પારેખ | ૫૦૦ | ગુણવંતરાય ડી.પંડયા (માસિક હુંડી) |
| ૫૧૧૧ | ભક્તિ રૂચીત પારેખ | ૨૫૧ | વકીલશ્રી મમતાબેન ત્રિવેદી (માસિક હુંડી) |
| ૧૦૦૦ | રામ ભરોસે હ.નવલભાઇ કવા | ૫૦૦ | વકીલશ્રી હરેશભાઇ સેજુ |
| ૩૦૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી | ૨૦૦ | વકીલશ્રી જે.બી.રાજયગુરૂ |
| ૭૫૦ | પ્રવિણભાઇ ગાલોલીયા રાજકોટ (માસિક હુંડી) | ૨૫૦ | વકીલશ્રી મમતાબેન ત્રિવેદી (માસિક હુંડી) |
| ૫૬૧૧ | ઓનલાઇન બેંકમાં જમા | ૧૦૦૦ | વકીલશ્રી જે.એલ.સોજીત્રા |
| ૫૦૦ | કિશોરભાઇ જેઠવા (માસિક હુંડી) | ૧૦૦૦ | સ્વ.ફુલચંદભાઇ ડાયાભાઇ પાંચશેરીયા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | ભીખુભાઇ એલ.ડેર (માસિક હુંડી) | ૧૦૦૦ | ગોસાઇ રતિગીરી ઇશ્વરગીરી (માસિક હુંડી) |
| ૧૧૦૦ | જેન્તીલાલ પોપટલાલ જાની | ૫૦૦ | રમણીકભાઇ ગીરધરભાઇ અમરેલીયા |
| ૫૧૦૦ | જગદીશચંદ્ર ગુણવંતરાય જોષી | ૫૦૦ | ગો.વા.બાબુભાઇ હીરજીભાઇ રાજા (માસિક હુંડી) |
| ૫૦૦ | સ્વ.લાભુબેન પુરૂષોતમભાઇ ભટ્ટ હ.ધર્મેન્દ્રભાઇ ભટ્ટ | ૫૦૦ | ગો.વા.કુંદનબેન બાબુભાઇ રાજા (માસિક હુંડી) |
| ૫૦૦ | સ્વ.મંજુલાબેન મહિપતરાય જોષીના મોક્ષાર્થે હ.નરેન્દ્રભાઇ ભટ્ટ | ૧૦૦૦ | ભવનેશભાઇ પરીખ સરજુ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | ચોકસી બ્રધર્સ આભુષણ જ્વેલર્સ (માસિક હુંડી) | ૧૦૦૦ | માધવ ઘનશ્યામભાઇ પરીખ સરજુ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૩૦૦ | દુર્ગાશંકર ગીરજાશંકર મહેતા (માસિક હુંડી) | ૧૦૦૦ | ધર્મેશકુમાર ગુણવંતરાય ગઢીયા (માસિક હુંડી) |
| ૫૦૦ | કિરીટભાઇ મુળદાસજી દુધરેજીયા (માસિક હુંડી) | ૫૦૦ | સ્વ.ભદ્રાબેન રસિકલાલ ચચ્ચા સાહીબા સાડી (માસિક હુંડી) |
| ૨૦૦ | નવીનભાઇ પ્રતાપભાઇ જોષી (માસિક હુંડી) | ૧૦૦૦ | નટુભાઇ જી.ઠક્કર તાતણીયાવાળા (માસિક હુંડી) |
| ૫૦૧ | ઓનલાઇન બેંકમાં જમા | ૧૦૦૦ | ઓનલાઇન બેંકમાં જમા |

**-:: વસ્તુ સ્વરૂપે ભેટ ::-**

ભરતભાઇ ટાંક તરફથી ચોખા ૨૬ કિલોની સેવા - ગો.વા. ભાટીયા મથુરદાસ દામોદરદાસ સંપટની પુણ્યતિથી નિમિતે મગદાળ ૧૦ કિલોની સેવા જય જલારામ ફરસાણ તરફથી ૧.૫ કિલો સેવની સેવા - ભગવતી ફરસાણ તરફથી ૧.૫ કિલો સેવની સેવા - સ્વ. વિમળાબેન રવિશંકર બધેકા ભાવનગરના સ્મરણાર્થે ૫ કિલો મીઠાઇની સેવા - દિક્ષા કેમીકલ્સ નયનભાઇ પટેલ તરફથી ફીનાઇલ ૨ બોટલ, લીકવીડ ૧૦ લીટર, સાબુ ૨ ની સેવા - શ્રી સુધીરભાઇ કાનાબાર તરફથી ઘઉ કટા ૨ ની સેવા હ. બીનાબેન કાનાબાર - શ્રી ભીખુભાઇ એલ.ડેર (લાઠી) તરફથી ૧૨૦ વડીલોને શીખંડની સેવા - શ્રી મનુભાઇ જીકાદ્રા તરફથી ગોળ ૧૦ કિલોની સેવા

અમો આભારી છીએ :- પરમાર કન્સલ્ટીંગના શ્રી દિપેનભાઇ પરમાર તરફથી સાંજે દરેક વડીલોને શુધ્ધ ગાયનું દુધ ૨૦૦ મીલી આપવામાં આવે છે તે બદલ દરેક વડીલોને સાંજે દવા લેવામાં જરૂરીયાત ઉભી થતી હોવાથી તેમનો અવાજ ઇશ્વરે સાંભળીને દિપેનભાઇને નિમિત બનાવી દરરોજ સાંજે વડીલોને દુધ આપવામાં આવે છે.

વડીલ વંદના :- વૃધ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જેમાં સંવેદનાનો સાથ જોઇએ વડીલોને બે ટંકનો પેટનો ખાડો પુરાય એટલે તેમના ચહેરાની રેખાઓ બદલી જાય આવા વૃધ્ધ, અશક્ત, એકલા રહેતા હોય, હાથે કરી શકતા ન હોય, તેવા વડીલોને બપોરે ૧૨૦ અને સાંજે ૧૦૦ જેટલા વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડાય છે.

**વકીલ વંદનામાં આપે આપેલું આ સંસ્થામાં દાન કલમ ૮૦ જી મુજબ કરમુક્ત છે.**

શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી માટે રસોઇ કરી શકે તેવા ભાઇ અથવા બહેનની જરૂરીયાત છે સંપર્ક : મો.૯૪૦૮૮ ૪૭૪૩૪

| | | | |
|---|---|---|---|
| શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર ગુરૂકૃપાનગર, શેરી નં.-૧ મો.૯૪૦૮૯ ૪૭૪૩૪ | શ્રી ખોડીયાર મોબાઇલ રાજકમલ ચોક મો.૯૯૧૩૯ ૯૯૧૯ | ભાટીયા પરમાણંદ ચાંપશી હસુભાઇ સંપટ જૈન દેરાસર પાસે જુની બજાર, પાણી દરવાજા રોડ ૦૨૭૯૨ - ૨૨૩૧૫૮ | પેન્ટર ડી.જી.મહેતા માસિક હુંડી માટે મો.૯૪૨૭૨ ૫૨૯૧૧ |


## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.સુર્યકાન્તભાઇ નાનજીભાઇ વ્યાસ (ઉ.વ.૮૪)**

**સ્વ.તા.૨૭-૦૩-૨૦૨૪ ને બુધવાર, ગામ : રાજુલા**

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પણ તેના સત્કર્મો જીવે છે.'આપના આશીર્વાદ અને પ્રેરણા સદાય અમારા ઉપર રહે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે...

લી.

**જય કુંભનાથ સુખનાથ**
**જીર્ણોધ્ધાર કમિટી**
**રાજુલા**


## -:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં ગામ મોજે ચાંદગઢ ગામની સીમના ખેડ ખાતા નં.૧૭૭ ની રે.સ.નં. ૨૦૦/૧ પૈકી ૨ ૨૦૦/૨બ પૈ. ૧ કે જેનું કુલ ક્ષેત્રફળ ૪-૮૭-૭૮ વાળી મિલ્કત (૧) ઘનશ્યામભાઇ આણંદભાઇ લુણાગરીયા (૨) અશોકભાઇ આણંદભાઇ લુણાગરીયા તથા (૩) સતીષભાઇ આણંદભાઇ લુણાગરીયા તથા (૪) ગીતાબેન આણંદભાઇ લુણાગરીયાની સંયુક્ત માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. જે મિલ્કત તેમની પાસેથી અમારા અસીલ તા.૨૭-૦૭-૨૦૨૩ ની રૂઇએ ખરીદ કરવા માંગે છે.

ઉપરોક્ત મિલ્કતની માલીકી બાબતેનાં ટાઇટલ કે તેના કોઇપણ પ્રકારના હક્ક, હિત કે હિસ્સા સમાયેલા હોય કે તે સબંધે અથવા / અને તેના કોઇ ભાગના સંદર્ભમાં કોઇ વેચાણ, કન્વયેયન્સ, ટ્રાન્સફર, એલોટમેન્ટ, એકસચેન્જ, એસાઇમેન્ટ, બક્ષીસ, ગીરો, ટ્રસ્ટ, લાયસન્સ, વકફ, કબજાના હક્કો, કેરટેકીંગના હક્કો, ગણોતીયા, સંરક્ષીત ગણોત હક્ક, સબ-ટેનન્સી, વારસાઇ, લીયન, ઇઝમેન્ટ, મેઇન્ટેન્સ, ડીવાઇસીસ, હાઇપોથીકેશન, વીલ, પ્રોબેટ, કોઇપણ જાતનો હિસ્સો, કલેઇમ, એસ્ટેટ, શેર, લાભ ધરાવતી કોઇપણ એન્ટીટી, ડીમાન્ડ અથવા ઇન્ટરેસ્ટ હોય તો તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓએ આથી તેમના હક્કોના બધાજ આધારા પુરાવાઓ સાથે નિમ્નલીખીતને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ માં જાણ કરવાની રહેશે અને જો તેમ કરવામાં નિષ્ફળ મિલ્કત ટાઇટલ કલીયર અને ચોખ્ખી અને બિનતકરારી છે તેવુ માની અમારા અસીલ સદરહુ ખેતીની જમીનના વેચાણ કિંમતની સંપુર્ણ અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ સબંધેની તમામ કાર્યવાહી પુર્ણ કરશે. અને આગળની કાર્યવાહી કરવામાં આવશે અને આ પછી કોઇપણનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી જેની જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૦૬-૦૪-૨૦૨૪

અમારા અસીલની સુચના અનુસાર
જતીન એલ.મહેતા - એડવોકેટ
ઓફીસ : ૯, સિધ્ધી વિનાયક ચેમ્બર, મહુવા રોડ, મામલતદાર ઓફીસ સામે, સાવરકુંડલા મો.૯૮૭૯૮ ૪૩૬૩૬, ૭૬૦૦૯ ૪૧૮૫૪

અવધ ટાઈમ્સ
ઈલેક્શન - ૨૦૨૪
www.avadhtimes.net અમરેલી ૬ તા.૦૭-૦૪-૨૦૨૪ રવિવાર





માં ઉમિયા, માં ખોડીયાર, શ્રી તુલજાભવાનીના સ્થાનક અને ચાર ચાર શંકરાચાર્યની જ્યાં પધરામણી થઇ છે તેવી સ્વ. ખોડીદાસભાઈ ઠક્કરની માતૃભૂમિ અને કર્મભૂમિને લીલીયા તાલુકાને નમન : જેનીબેન ઠુમ્મર

# લીલીયામાં સ્થાનિક પ્રશ્નો ઉઠાવતા કોંગ્રેસનાં શ્રી જેની ઠુમ્મર

**લીલીયા તાલુકો મહદ અંશે હિરા ઉદ્યોગ અને ખેતી પર નિર્ભર : હિરાની મંદી અને ખેતીનાં પુરા ભાવના અભાવે અહીંથી લોકો સ્થળાંતર કરે છે**

**લીલીયા વિસ્તારમાં રેલ્વે ફાટક પર ઓવરબ્રિજ ની જરૂરીયાત ફાટક બંધ હોવાથી ૧૦૮ સેવા અને સિવીલના દર્દીઓને જીવના જોખમે રાહ જોવી પડે છે**

**લીલીયા તાલુકાના જાત્રુડા, ગુંદરણ, ખારા, પાંચતલાવડા, સનાળીયા, પીપળવા, પુંજાપાદર, આંબા, ગોઢાવદર, સલડીનો પ્રવાસ પૂર્ણ પીપળવામાં જેનીબેન ઠુંમરને ઘોડા પર બેસાડી સ્વાગત કરાયું**







લીલીયા,

અમરેલી જિલ્લા લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે લીલીયાના પોતાના પ્રવાસ દરમ્યાન લીલીયામાં આવેલ કડવા પાટીદાર સમાજ કૂળદેવી માં ઉમિયા, લેઉઆ પાટીદાર સમાજના કૂળદેવી માં ખોડીયાર અને સમગ્ર ગુજરાત અને દેશ વિદેશમાં વસતા દવે પરિવારના તણસોલીયા દવે પરિવાર કૂળદેવી શ્રી તુલજાભવાની ના જયાં સ્થાનક છે. અને ચાર-ચાર શંકરાચાર્યજીએ જે ધરતી પાવન કરી છે. તેવા સ્વ. ખોડીદાસભાઈ ઠકકર ની જન્મભૂમિ અને કર્મભૂમિને નમન કરી અને લોકોને સંબોધન કર્યુ હતુ

લીલીયા તાલુકામાં ખેતી અને હિરા ઉદ્યોગ પર નભતો તાલુકો છે. છેલ્લા ર વર્ષથી હિરા ઉદ્યોગમાં વ્યાપક પ્રમાણમાં મંદી છે. અને કાચા માલની અછત છે. ત્યારે આ વિસ્તારમાં બેકારીની સમસ્યા છે. ત્યો સરકાર રત્ન કલાકાર અને હિરા ઉદ્યોગના વિકાસમાં જે પેકેજ આપે અને યોજના બનાવે તેને અમારૂ સમર્થન છે. આ ઉપરાંત તેઓએ ખેતીની વાત કરતા જણાવ્યુ હતુ કે લીલીયા તાલુકામાં માત્ર ચોમાસા આધારિત ખેતી થાય છે. તેમાં ટુકી જમીન ધરાવતા લોકોની હાલત વધારે ખરાબ છે. ત્યારે તેઓને ફરજીયાત રોજગાર અર્થે મહાનગરોમાં જવુ પડે છે અહીંયા માઈગ્રેશનની સમસ્યા મુખ્ય છે. આ વિસ્તારમાં ખેતી નવ પલ્લવીત થાય તે માટે સરકાર સિંચાઈની સુવિધા આપે તેવી અમારી માંગણી છે. આ ઉપરાંત આ વિસ્તારમાં મુખ્યત્વે કપાસનું ઉત્પાદન થાય છે. ત્યારે આ વર્ષે કપાસનું ઉત્પાદન અને ભાવ બન્ને ઓછા આવ્યા છે. ત્યારે ખેડૂતોને ઓછામાં ઓછા ૧૮૦૦થી ૨૦૦૦ કપાસનો ભાવ મળે તે માટે સરકારે કાર્યવાહી કરવી જોઈએ.

લીલીયા તાલુકામાં સૌથી વધુ બહેનો ખેતી અને અન્ય નાના મોટા કામગીરી કરી અને પોતાના પરિવારને મદદરૂપ થાય છે. આ વિસ્તારની બહેનો માટે સરકાર વધુમાં વધુ ગૃહ ઉદ્યોગો લાવે તો આ વિસ્તારની બહેનોને રોજગારી મળી શકે.

હાલમાં આ વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં મંદિ છે. ત્યારે મનરેગા અંતર્ગત રાહત કામ તાત્કાલીક શરૂ કરાવે તેવી લોકોની માંગણી છે. આ બાબતે વહીવટી તંત્ર તાત્કાલીક પગલા ભરે તે જરૂરી છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે જણાવ્યુ હતુ. કે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ખેડૂતોને એમ.એસ.પી. મુજબ ભાવ મળવા જોઈએ તેવુ વચન આપ્યુ છે. જેથી આવનાર સમયમાં ખેતી અને ખેડૂત સમૃધ્ધ થાય. આ ઉપરાંત અમરેલી-લીલીયા હાઈવે જે લાલાવદર સુધી ફોરટ્રેક મંજુર થયેલો છે. તેને લીલીયા સુધી લંબાવવામાં આવે તો આ વિસ્તારના લોકોને સારામાં સારી વાહન સબંધી રોજગારી મળી શકે.

જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવીયા, પૂર્વ પ્રમુખ ભનુભાઈ દુધાત, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ બહાદુરભાઈ બેરા, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભીખાભાઈ દેવાણી, તાલુકા પંચાયત ઉપ.પ્રમુખ જગદીશભાઈ દેથલીયા, કારોબારી ચેરમેન વિજયભાઈ કોગથીયા, રમેશભાઈ પરમાર, જીવરાજભાઈ પરમાર, કાંતિભાઈ ડુંગરીયા, લીલીયા તાલુકા અનુસુચિત જાતી મોરચાના જયંતિભાઈ નાનજીભાઈ વિંઝુડા, રૂપા ભાઈ ભરવાડ, વિજયભાઈ સનાલીયા, સામતભાઈ બેલા, જયસુખભાઈ દેવાણી, રાજુભાઈ ગેલાણી, દકુભાઈ બુટાણી અલ્પેશભાઈ સોલંકી તા.પં, રસીકભાઈ રાખોલીયા, વિનુભાઈ જોસલીયા, બાબુભાઈ રાઠોડ, મનુભાઈ મકવાણા, રહીમભાઈ બોલાતર ડેપ્યુટી સરપંચ, કાસમભાઈ બોલાતર, ખારાકાના ભાઈ ગરાણીયા, વિપુલભાઈ ઝાલાવડીયા કેહુભાઈ ઝાલાવાડિત, નરેશભાઈ ગરાણીયા, કિશન ભાઈ દેવીપૂજક, દાનાભાઈ ભાસ્કર, મુકેશ ભાઈ ધાનાણી, ઈકબાલભાઈ કડી, શબિરભાઈ દલ, દિનેશભાઈ ધોરાજીયા, પીપળવાના સરપંચ શ્રી રાજુભાઈ ભેડા, બાબુભાઈ વોરા, વાસુરભાઈ બેરા રામકુભાઈ ભેડા ઉપસરપંચ કિશોરભાઈ ધાનાણી, રાશીભાઈ ડેર (પીપળવા) મુકુંદભાઈ કોટડીયા, નટુબાપુ બાબાજી, લાખાભાઈ વિજવા, રાહુલભાઈ ડેર, નરેશભાઈ લહેરી, ધરમશીભાઈ ધાનાણી, વિઠ્ઠલભાઈ વોરા, હિંમતભાઈ મકવાણા, છગનભાઈ મિસ્ત્રી, માજી ઉપસરપંચ, અજયભાઈ મકવાણા સરપંચ, સામતભાઈ પીપળીયા વિનુભાઈ રાઠોડ, બાલાભાઈ પીપળીયા, વિનુભાઈ પીપળીયા સુરેશભાઈ રાઠોડ, મધુભાઈ બાબરીયા, ગોરધનભાઈ પીપલીયા, શામજીભાઈ ધાનાણી, બહેનોમાં વિલાસબેન બહાદુરભાઈ બેરા સહિત અસંખ્ય બહેનો હાજર રહ્યા હતા.

**અમરેલી લોકસભા મતવિસ્તારના કોંગ્રેસ અને આપ ગઠબંધનનાં ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના સમર્થનમાં ઠેર ઠેર બેઠકો**

## શ્રી જેનીબેન ઠુંમર આજે જાફરાબાદના ગામોમાં બેઠકો સાથે લોક સંપર્ક કરશે

**કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર શ્રી જેનીબેન ઠુંમરને જીતાડવા આહવાન કરાયું**

અમરેલી, અમરેલી લોકસભા મત વિસ્તારના કોંગ્રેસ અને આપ ગઠબંધનનનાં શીક્ષીત ઉમેદવાર જેનીબેન ઠુંમરના સર્મથનમાં ઠેર ઠેર બેઠકો મળી રહી છે આજે તા.૭-૪-૨૪ રવિવારે જાફરાબાદ તાલુકાનો પ્રવાસ નક્કી થયો છે તે મુજબ આજે સવારે ૯:૩૦ કલાકે લોઠપુર, ૧૦:૧૫ કલાકે લુણસાપુર, ૧૦:૪૫ કલાકે મીતીયાળા, ૧૧:૧૫ કલાકે વાંઢ, ૧૧:૩૦ કલાકે બાબરકોટ, ૧૨:૦૦ કલાકે વારાહસ્વરૂપ, ૧૨:૧૫ કલાકે વાકોદર, ૧:૩૦ કલાકે વડેરા, ૨:૦૦ કલાકે કડીયાળી, ૨:૩૦ કલાકે જેસપુર, ૨:૪૫ કલાકે નાનામોટા સાકરીયા અને બપોરે ૩:૦૦ કલાકે સોખડા, ૩:૧૫ કલાકે જુની જીકાદરી, ૩:૩૦ કલાકે દુધાળા, ૪:૦૦ કલાકે નવી જીકાદરી, ૪:૩૦ કલાકે પીછરી, ૫:૧૫ કલાકે એભલવડ, ૫:૩૦ કલાકે છેલણા, ૬:૦૦ કલાકે વડલી ૭:૦૦ કલાકે ચીતાસર, ૭:૩૦ કલાકે રોહીશા, ૮:૩૦ કલાકે બલાણા, ૯:૦૦ કલાકે હેમાળમાં બેઠક અને લોક સંપર્ક કરશે. આ પ્રવાસ દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો પણ સાથે રહેશે તેમ ચુંટણી કાર્યાલય દ્વારા જણાવાયું છે.

## મહુવામાં અમરેલી લોકસભાના ઉમેદવાર શ્રી જેની ઠુંમરની બેઠક મળી

**રાજેન્દ્રસિંહ ગોહીલ, પ્રતાપભાઇ દુધાત, વિરજીભાઇ ઠુંમર, પરેશભાઇ ધાનાણી સહિત આગેવાનોની ઉપસ્થિતી**

અમરેલી,

લોકસભાની ચૂંટણી અનુસંધાને મહુવા તાલુકા શહેર કોંગ્રેસ સમિતિની કાર્યકરોની મિટિંગમાં ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુદાત અમરેલી લોકસભા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જેનીબેન ઠુંમર. પૂર્વ વિરોધપક્ષ વિધાનસભા નેતા પરેશભાઈ ધાનાણી પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમર પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારીયા આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવકના પ્રમુખ બીજરાજ ભાઈ સોલંકી. ભાજપ સરકારની સામે મોંઘવારી અને અનેક બાબતમાં નિષ્ફળ ગઈ તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કોંગ્રેસ પક્ષને આમ આદમી પાર્ટી દ્વારા આગામી લોકસભામાં કોંગ્રેસ પક્ષના જેનીબેન ઠુંમરને બહુમતીથી વિજય બનાવવા નું બધાને આહવાન આદેશ કરવામાં આવ્યો હતું. મહુવા આગેવાનો તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વલ્લભભાઈ મકવાણા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મિલનભાઈ જોશી સિનિયર કોંગ્રેસના આગેવાન રામસિંગભાઈ પઢીયાર. બાબુભાઈ. જેઠવા. રઘુવીરસિંહ વાજા રાજભાઈ મહેતા બીપીનભાઈ જોશી ભાણભાઈ બારીયા જીતેન્દ્રસિંહ વાજા વિજયભાઈ બારીયા લાખાભાઈ ગોહિલ મહેબુબભાઈ કલાણીયા દિપકભાઈ મકવાણા ભગાભાઈ વાસિયા કાનભાઈ ખુમાણ નજુભાઈ ખુમાણ અરૂણભાઈ વેલારી પરેશભાઈ જીજાળા અરવિંદભાઈ ભાદરોડ દેવશીભાઈ જગાભાઈ કાતરીયા ભવદીપભાઈ જાજડા નીતિનભાઈ દવે નગરપાલિકાના કાઉન્સિલર જયશ્રીબેન દવે બેન આસરાણા તાલુકા પંચાયતના સભ્ય આહિરભાઈ નીચા કોટડા તાલુકા પંચાયતના અજીતભાઈ ભીલ દયાળ ના ભવનભાઈ ચૌહાણ દીપકભાઈ બારીયા જીવા પટેલ બટુકભાઈ બારીયા વિઠ્ઠલભાઈ ઉઘેરી રાજુભાઈ બારીયા સેદરડાના સરપંચ ચેતનસિંહ દોલુભાઈ બારીયા ધીરુભાઈ ચૌહાણ તથા તાલુકા પંચાયતના સભ્ય ગ્રામ પંચાયતના માજી સરપંચશ્રીઓ ભાઈઓ બહેનો યુવાનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી કાર્યક્રમનું સંચાલન બાપુએ કર્યું હતું.




### -:: જાહેર નોટીસ ::-

આથી હું આ નીચે સહી કરનાર શ્રી સુરેશકુમાર એ.રાઠોડ એડવોકેટ, બગસરા આથી જાહેર નોટીસ આપી જાહેર કરૂ છુ કે,

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ગામ ''બગસરા'' ગામના રેવન્યુ રેકર્ડના ખાતા નં.૮૦, રે.સ.નં. ૩૩૯ પૈકી ૧, હે.આરે.ચો.મી. ૧-૨૭-૪૮ વાળી સીમની જમીન શ્રી વિઠલભાઇ અરજણભાઇ મકવાણા, શ્રી સુનીલભાઇ અરજણભાઇ મકવાણા, શ્રી ચંદુભાઇ અરજણભાઇ મકવાણા, શ્રી શૈલેષભાઇ નાથાભાઇ મકવાણા, શ્રી પરેશભાઇ નાથાભાઇ મકવાણા ના નામોની આવેલ છે. અને હાલ તેમના સંયુક્ત નામોએ ચાલે છે. અને શ્રી વિઠલભાઇ અરજણભાઇ મકવાણા વિગેરે - ૫ ની માલીકી હક્કની આવેલ છે અને આ સીમની જમીનમાં કુવા આવેલ છે તે સહિત આ સીમની જમીન કુવા સહિત તેઓ પાસેથી અમારા અસીલો ખરીદ કરવા માંગે છે. જેથી સદરહુ સર્વે નંબર ઉપર, કુવા ઉપર કે તેના કોઇપણ ભાગ ઉપર કે તેના ટાઇટલ પરનો કોઇને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વારસાઇ હક્ક, બક્ષીસ, ગીરો, લાગભાગ, દરદાવો, ભરણ - પોષણ હક્ક કે અન્ય હિત સંકળાયેલા હોય કે કોઇપણ શખ્સનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ હોય કે અન્ય હક્ક જેમકે ઉપજ - નિપજ, કબજો ભોગવટો, બાનાખત કે અન્ય કોઇપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા તેમજ કોઇપણ બેંકો, પેઢી, વ્યક્તિ શ્રોફ કે સંસ્થામાંથી ધિરાણ સામે ગીરો કે જામીનગીરી સામે કોઇનો હક્ક, હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર પુરાવા સાથે લેખીત જાણ તાત્કાલીક કરવી. મુદત દરમિયાન જો કોઇના વાંધા તકરાર નહી આવે તો કોઇને કોઇપણ જાતના કાંઇપણ પ્રકારના વાંધા તકરાર નથી અને જો હોય તો તે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલો સદરહુ સીમની જમીન કુવા સહિતની વેચાણની ચુકતે અવેજ ચુકવી રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે ત્યારબાદ કોઇનો હક્ક દાવો અમારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : બગસરા
તારીખ : ૦૬-૦૪-૨૦૨૪

અમારા મારફત
સુરેશકુમાર એ.રાઠોડ - એડવોકેટ
જુની નગરપાલિકા કચેરી પાસે, થાણા રોડ, બગસરા
૩૬૫૪૪૦ મો.૯૪૨૬૯ ૪૦૮૬૮, ૯૩૨૮૦ ૪૧૮૮૦

### અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે.રાઠોડ રહે.અમરેલીવાળા આથી જાહેર જનતાજોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડિસ્ટ્રીક્ટ અમરેલી સબ ડિસ્ટ્રીક્ટ વ તાલુકો બગસરા તાબાના બગસરા ગામે આવેલ સીટી સર્વે નંબર - ૨૦૭૨ ની કુલ ૧૧૭-૨૪ ચો.મી.વાળી મિલ્કત આવેલ છે જે મિલ્કત હાલ ગૌરાંગભાઇ લલીતકુમાર ચુડાસમાની માલીકી કબજા ભોગવટાની મિલ્કત આવેલ છે. આ ઉપરોક્ત મિલ્કતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૬૭ તા.૨૩-૧૦-૨૦૦૩ ના રોજનો અસલ તથા સીટી સર્વે નંબર - ૨૦૭૨ ની અસલ સંનદ તથા અસલ બાંધકામ પરવાનગી તથા અસલ પ્લાન અસલમાં સને.૨૦૧૫ માં બગસરામાં થયેલ અતિવૃષ્ટિના કારણસર પાણીમાં નાશ પામેલ છે તેવી માહિતી અમોને આપેલ છે,

આ ઉપરાંત ડિસ્ટ્રીક્ટ અમરેલી સબ ડિસ્ટ્રીક્ટ વ તાલુકો બગસરા તાબાના બગસરા ગામે આવેલ રેવન્યુ સર્વે નં.૧૮૮, સીટી સર્વે નંબર - ૮૦૭/૨ ની કુલ ૬૩૬-૪૦૨૫ ચો.મી. વાળી મિલ્કત આવેલ છે જે મિલ્કત હાલ રસીલાબેન લલીતભાઇ ચુડાસમા તથા ગૌરાંગભાઇ લલીતકુમાર ચુડાસમા તથા પ્રિતીબેન લલીતભાઇ ચુડાસમાની માલીકી કબજા ભોગવટાની મિલ્કત આવેલ છે. આ ઉપરોક્ત મિલ્કતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૨ તા.૬-૧-૧૯૮૧ ના રોજનો અસલ તથા રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૪૮ તા.૪-૩-૧૯૮૦ તથા સીટી સર્વે નંબર ૮૦૭/૨ ની અસલ સંનદ અસલમાં સને.૨૦૧૫ માં બગસરામાં થયેલ અતિવૃષ્ટિના કારણસર પાણીમાં નાશ પામેલ છે તેવી માહિતી અમોને આપેલ છે,

જેથી ઉપરોક્ત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઇને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૧૪ માં જાણ કરવી અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મિલ્કતની માલીકી બાબતેના ટાઇટલ બાબતે કોઇને પણ કોઇપણ પ્રકારનો હક્ક, હિત, સબંધ હોય તો તે હક્ક - હિત સબંધેનાં જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૧૪ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોક્ત મિલ્કત સબંધે કોઇપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં કે કોઇપણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઇપણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૪ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોક્ત મિલ્કત ટાઇટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે ત્યારબાદ કોઇપણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૦૬-૦૪-૨૦૨૪
સ્થળ : અમરેલી

અજય જે.રાઠોડ - એડવોકેટ
જુના માર્કેટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ,
કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી મો.૯૮૨૪૯ ૩૦૩૧૬

**શ્યામ આંખની હોસ્પિટલ**

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સુવિધા :**

- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અધતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

-: સ્થળ :-

-: અમરેલી :-
સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :-
શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

**વોટર પ્રુફીંગ (લેખીત વોરંટી સાથે)**
(ફકત ઈમ્પોટેડ વોટર પ્રુફીંગ મટીરીયલ વડે)

- **ધાબા :-** ચાઈના મોઝેક વાળા, ટાઈલ્સ વાળા, કોંક્રીટવાળા
- **પતરા :-** કોઈપણ જાતના પતરાનું લીકેજ

સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીંગ કરી આપીશું.

નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીંગ કરાવવા અચુક સંપર્ક કરો.

**ડીઝાઈન એન્જીનીયરીંગ અને વોટરપ્રુફીંગ કન્સલટન્સી**
(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઈ શાખા નથી)
કોન્ટેક્ટ નંબર :- 75671 91919, 98983 25787



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું

**હારમની વિકેન્ડ વિલા**

અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા




**આ છે અહીંની વિશેષતાઓ...**

- વિક્ટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ

સાઇડ એડ્રેસ :-
સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી

ટાઇટલ કલીયર લોનેબલ

વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

**વી. કે. મોટર્સ**




CAR SERVICE I SPARE I INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.



તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

### અમરેલી લોકસભા બેઠકનાં ઉમેદવાર શ્રી ભરતભાઇ સુતરીયાના સમર્થનમાં વિરાટ બાઇક રેલી : શ્રી મહેશ કસવાલાનાં કોંગ્રેસ ઉપર પ્રહારો

# સાવરકુંડલામાં ભાજપનું ભવ્ય વિજય વિશ્વાસ સંમેલન

**સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, મહેશભાઇ કસવાલા સહિત આગેવાનોની ઉપસ્થિતીમાં આયોજન**

**વિરાટબાઇક રેલી પીકઅપ બસસ્ટેન્ડથી નીકડી શહેરના રાજમાર્ગો પર ફરી : કેસરીયો માહોલ**

**નકલ ને અકલ નથી હોતી કહીને રાહુલ ગાંધી પર પ્રહારો કરતા કસવાળા : રાજકોટ સગા સંબંધીઓને ફોલ કરીને રૂપાલાને જીતાડવા હાંકલ કરતા સંઘાણી-કસવાળા : ભરત સુતરીયાને અભૂતપૂર્વ પ્રતિસાદ**







અમરેલી,

અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર દ્વારા આજે બાઈક રેલી દ્વારા પ્રચાર પ્રસારનો શુભારંભ સાવરકુંડલા ખાતેથી કરીને સત્વ અટલધારા કાર્યલાય નજીક વિજય વિશ્વાસ સંમેલન દિલીપ સંઘાણી અને નારણ કાછડીયાની વિશેષ ઉપસ્થિતી વચ્ચે યોજાયું હતું.

સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો પર ખુલ્લી જીપમાં બે પૂર્વ સાંસદ દિલીપ સંઘાણી અને નારણ કાછડીયા વચ્ચે ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા એ અભિવાદન જીલ્યું હતું ને કાર્યકર્તાઓની વિશાળ ફૌજ દ્વારા ભવ્ય બાઈક રેલી મારફતે નીકળી હતી બાદ મળેલા વિજય વિશ્વાસ સંમેલન માં અમરેલીના સાંસદ નારણ કાછડીયાએ જાહેર મંચ પરથી પડકાર ફેંક્યો હતો ને નારણ કાછડીયાએ ભારતીય જનતા પાર્ટી વિરૂદ્ધ મારો એકપણ કોલ કોઈ કાર્યકર્તા પર તો હું જાહેર જીવન છોડી દેશ તેવો રણટંકાર નારણ કાછડીયાએ કર્યો હતો અને ભાજપના કમળ ને દિલ્હી મોકલવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો

જયારે દિલીપ સંઘાણીએ જાહેર મંચ પરથી બે પૂર્વ સાંસદ વચ્ચે ભરત સુતરીયા ને ભાવિ સાંસદ ગણાવ્યા હતા ને કોંગ્રેસ દ્વારા થતા અપપ્રચારને લઈને અસંતુષ્ટ ની વાતોનો દિલીપ સંઘાણીએ ઉડાવીને એકતાની પરિબળ જાહેર મંચ પર બિરજ્યું હોવાનુ જણાવ્યુ હતું જ્યારે દિલીપ સંઘાણી અને મહેશ કસવાળાએ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા માટે મતદાન કરવા સગા સંબંધીઓને અપીલ કરી હતી જ્યારે સાવરકુંડલા ના આંગણે મળેલા વિજય વિશ્વાસ સંમેલન માં ધારાસભ્ય મહેશ કસવાળા ખીલી ઉઠ્યા હતા ને બધી મોદીની નકલ કરવા અંગે રાહુલ ગાંધી પર નિશાન મહેશ કસવાળાએ તાંક્યું હતું ને એક હજાર ઉપરાંતના સંનિષ્ઠ કાર્યકરો એ લોકસભામાં અમરેલીનું કમલ ભરત સુતરીયાના રૂપે દિલ્હી મોકલવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે ધારાસભ્ય કૌશિક વેકરીયા, હીરાભાઇ સોલંકી, જનક તળાવીયા, શહેર ભાજપ, તાલુકા ભાજપ અને લીલીયા ભાજપ સાથે નવનિયુક્ત મહિલા મોરચાની બહેનોએ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા.

## ભાવનગરનાં પીરમબેટ, આણંદનાં વાવલોદ સહિત ૧૩ ટાપુ વિકસાવાશે


# પ.પૂ. નાનીબા માં ને પૂષ્પાંજલિ



## સ્વ.રાજમાતા બા શ્રી કમળાબા

સ્વ.તા.૩૧-૩-૨૦૨૪, રવિવાર, ફાગણ વદ-૬

''માંડાવડ''

સ્નેહના સાગર સમા હર કોઇને પોતાના ગણી પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનાર, ધર્મ પ્રત્યે અડગ શ્રધ્ધા મુખ પર મધુર સ્મિત, આપનો ધાર્મિક અને માયાળુ સ્વભાવ પરિવારને સદા પ્રેરણા આપતો રહેશે.

માં આપના દિવ્ય આત્માને કોટી કોટી વંદન...

લી.

હસુભાઇ એસ.કોટીલા
હિતેન્દ્રભાઇ એસ.કોટીલા
મહેશભાઇ એસ.કોટીલા
ઇન્દ્રજીતભાઇ એસ.કોટીલા
કિશોરભાઇ એસ.કોટીલા

ડેડાણ દરબારગઢ થી જયશ્યામ


### અમરેલી લોકસભા બેઠકનાં ભાજપના ઉમેદવાર શ્રી ભરત સુતરીયાના સમર્થનમાં

# રાજુલા શહેરમાં ભવ્ય બાઈક રેલી યોજાઇ

**શ્રી હીરાભાઈ સોલંકી તથા શ્રી રવુભાઈ ખુમાણ, શ્રી બાબુભાઈ રામ, ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા સહિતની ઉપસ્થિતિ**





રાજુલા,(કનુભાઈ વરૂ)રાજુલા શહેરમાં આજે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરિયાના સમર્થનમાં ભવ્ય કરેલીયોજવામાંઆવીહતીઆબાઈકમુખ્ય માર્ગો ઉપર ફરી હતી હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ આ બાઈક રેલીમાં જોડાયા હતાધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ ભાજપના શ્રી રવુભાઈ ખુમાણ અને અગ્રણીબાબુભાઈ રામની ઉપસ્થિતિમાંઆ ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી જેમાં જય શ્રીરામના નારા સાથે આ બાઈક રેલી નીકળી ભરતભાઈ સુતરીયા એ કેસરીનંદન હનુમાનજીના દર્શન કર્યા હતા ટીંબી યાડ ના પ્રમુખ ચેતનભાઈ શિયાળ વનરાજભાઈ વરુ ભરતભાઈ જાની પૂર્વ પ્રમુખ ચિરાગભાઈ જોશી પૂર્વ પ્રમુખ નગરપાલિકા જયંતીભાઈ જાની તાલુકા પંચાયતના પ્રતિનિધિ નનકા દાદા તથા સાગરભાઈ ડાભીયા પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા તથા મયુર દાદા તથા કાનાભાઈ ગોહિલ વિક્રમભાઈ શિયાળ મહેન્દ્રભાઈ ધાખડા સંજયભાઈ પૂર્વ પ્રમુખ તથા બાબુભાઈ મોરંગી અનિરુદ્ધભાઈ સહિતના આગેવાનો જોડાયા હતા

# અમરેલી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન શ્રી તુષાર જોષીનું આજે વન પ્રવેશ

**૫૦ વર્ષ પુરા કરી ૫૧માં વર્ષમાં પ્રવેશ નિમિતે શુભકામનાઓનો ધોધ વહેશે**



અમરેલી,

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના રાહબર,એક આદર્શ વ્યકિતત્વ,હસમુખા અને નાના બાળકોના સર્વાંગી વિકાસ માટે ચિંતિત અને પ્રયાસરત સમિતિના ચેરમેન શ્રી તુષારભાઈ જોષી,જેમનો જન્મ દિવસ તા-૦૮/૦૪/૨૦૨૪ના દિવસે હોય,નગર શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીના વિકાસ અને બાળલક્ષી કાર્યક્રમો યાદ કરવા પડે,જેમની દીર્ઘ દ્રષ્ટિ થી અમરેલીમાં સૌ પ્રથમ સ્માર્ટ ડિજિટલ શાળા શરૂ થઈ,સરકારી શાળાના બાળકોને સ્ટેજ પૂરું પાડવા ઉલ્લાસ,ઉલ્લાસ-૨.૦ તેમજ રમત ગમત નગર શિક્ષણ સમિતિના બાળકો આગળ વધે એ માટે એકલવ્ય રમતોત્સવ,એકલવ્ય રમતોત્સવ-૨.૦ જેવા કાર્યક્રમ વિચાર મૂકી શ્રેષ્ઠ આયોજન કરનાર,સૌપ્રથમ વખત નગર શિક્ષણના ૨ થી ૮ ધોરણના તમામ બાળકોને વિનામુલ્યે ફુલ સ્કેપ ચોપડા વિતરણ કરનાર બાળદેવો ભવ જેમનો જીવન મંત્ર છે એવા તુષારભાઈ જોષીને નગર શિક્ષણ સમિતિ પરિવાર તેમજ બાળદેવો વતી જન્મ દિનની શુભેછા પાઠવવામાં આવે છે.

## ઉંઝામાંથી નકલી જીરૂ બનાવતી ચાર ફેક્ટરી ઝડપાઇ

(જી.એન.એસ),મહેસાણા,રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે વખતો વખત કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે. તાજેતરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મુખ્ય મથક, ગાંધીનગર અને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસાણા વર્તુળ કચેરીની સંયુક્ત ટીમો દ્વારા ઊંઝા તાલુકામાં તા. ૦૪/૦૪/૨૦૨૪ ના રોજ ઉનાવા, ઐઠોર અને મક્તુપુર ગામોમાં જીરૂ અને વરિયાળીનું ક્લીનીંગ-શોર્ટીંગ કરતી વિવિધ ફેક્ટરીઓ અને તેના ગોડાઉન માં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી.

# જાફરાબાદ તપોવન ટેકરીએ રામકથામાં ભાવિકો ઉમટ્યાં

**ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી પરિવારે આરતીનો લાભ લીધો**



રાજુલા, (કનુભાઈ વરૂ)

તપોવન ટેકરી પૂજ્ય તપસી બાપૂના આશ્રમ પર શ્રી રામ કથામાં આજે બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ આજે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ના પરિવાર ભાવેશભાઈ સોલંકી તથા રીનાબેન શિયાળ તથા જગુભાઈ ભારદિયા. તથા બાબુભાઈ. પટેલ યે આરતી નો લાભ લીધો હતો.

